સુડા બોર્ડ બેઠક નંબર ૧૭૧.

તા.૨૫-૯-૯૯.

<u>કામ નં.૧૨</u> :

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૦ (પાલ) સુડા, સુરત અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીને જરૂરી વિગતોસહ સાદર કરવા બાબત.

✓ <u>ઠરાવ નં.૨૦૬૩</u> ::

ઉકત એજન્ડાનાં કામની વિગતોએ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૧૦ (પાલ) સુડાની દરખાસ્તોને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈઓ અન્વયે પ્રસિધ્ધ કરતા આ યોજનાથી અસર પામતી વ્યકિતઓ તરફથી એક મહીનાની સમયમર્યાદામાં તથા ત્યારબાદ ટુંક સમય મર્યાદા બાદ સદરહુ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૧૦ (પાલ) અંગે કુલ-૨૫ રજુઆતો મળેલ, જે અન્વયેના તૈયાર કરેલ વિવરણ પત્રકની વિગતોએ બોર્ડમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી અને જેઓની રજુઆતોની વાસ્તવિક હંકીકતો લક્ષો લેવા જણાતી હોઈ, તદઅનુસાર નિયમોનુસારની કાર્યવાહી કરવાનુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને વધુમાં અન્ય બે રજુઆતની વિગતોએ તેઓની કપાત થયેલ અને ઓથોરીટીના જાહેરહેતુ માટે ફાળવેલ જમીનનો કબજો જાહેરહિતમાં ઓથોરીટીને સત્વરે સુપરત કરવા સમત હોઈ, તેઓની કપાત થતી જમીનની ટકાવારી ૨૫% કરવાની રજુઆત કરેલ છે. જેમાં ચેરમેનશ્રી તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ એવો અભિપ્રાય વ્યકત કર્યો કે ટી.પી.સ્કીમ વિસ્તારમાં ઓથોરીટીનાં જાહેરહેતુ માટે જેવો કે 'સ્કુલ અને પ્લે ગ્રાઉન્ડ' માટે ફાળવેલ અંતિમ ખંડમાં ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા સબસ્ટેશન માટે જમીનની માંગણી કરેલ છે, જે એક જાહેર સંસ્થા હોઈ અને આજુબાજુમાં રહેણાંકનો ભવિષ્યનો વિકાસ ધ્યાને લઈને જાહેર જનતાના હિતનું કામ હોઈ તેમજ ઓથોરીટી દ્વારા વિકાસના કામો ઝડપથી થઈ શકે તે હેતુ લક્ષો લઈને તથા ઓથોરીટીને જાહેરહેતુ માટે ફાળવેલ અંતિમખંડની જમીનનો કબજો વહેલી તકે મળી શકે તેમ હોય, અરજદારની રજુઆત અંગે હકારત્મ અભિગમ રાખવો યોગ્ય જણાતો હોઈ, તદઅનુસારની કાર્યવાહી કરીએ અને સરકારશ્રીમાં પણ તદઅનુસાર યોગ્ય કરવા રજુઆત કરીએ તેવો અભિપ્રાય વ્યકત કર્યો.

આ અંગે સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનશ્રીએ જણાવ્યુ કે આ અભિગમ સારો છે. પરંતુ આવી નીતી સર્વગ્રાહી ઘડી જાહેરાત કરવી જેથી ટી.પી.સ્કીમમાં સમાવેશ થતા અન્ય લોકોને પણ આ લાભ મળી શકે. કલેકટરશ્રી, કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા તથા અન્ય સભ્યશ્રીઓએ પણ આ બાબતને સંમતિ આપી પરંતુ ચેરમેનશ્રીએ રજુઆત કરી કે આ બન્ને કેસમાં કપાત થતી જમીનમાંથી ગુજરાત વિદ્યુત બોર્ડને તથા સ્કુલને આપવાનો [illegible] હોઈ, સરકારશ્રીમાં રજુઆતો મુજબની દરખાસ્ત પાઠવવી.